



સોમનાથનો ધર્મધ્વજ ભક્તોનો પ્રિય છે ત્યારે શ્રાવણના પ્રથમ સોમવારે ૫૧ ધ્વજાપૂજા કરવામાં આવી હતી. "હરહર મહાદેવ,બમબમ ભોલે" ના નાદ થી પ્રભાસ તીર્થ ગુંજી ઉઠ્યું હતું તો પિતૃમોક્ષ અને મનોકામના પૂર્તિ માટે સોમનાથ મહદેવની ધ્વજા પૂજા વિશેષ ફળદાયી માનવામાં આવે છે. ત્યારે શ્રાવણના સોમવારે ૪૪ હજાર થી વધુ શ્રદ્ધાળુઓએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. તો રાજયના શિવાલયોમાં પણ ભાવિકોનું ઘોડાપૂર જોવા મળ્યું હતું.

# ગુજરાતમાં સહકારી ક્ષેત્ર ઉત્તરોત્તર મજબૂત થઈ રહ્યું છે : સી.આર.પાટીલ

## જેડીસીસી અને સાવજ ડેરીની સાધારણ સભા અને પાકૃતિક કૃષિ સંમેલન

ગાંધીનગર, તા.૨૧

જૂનાગઢ તા.૧૯/૮ /૨૩ નવસારીના સાંસદશ્રી સી.આર. પાટીલનાં અધ્યક્ષ સ્થાને ધી જૂનાગઢ જીલ્લા સહકારી બેંક લી. તથા શ્રી સાવજ જૂનાગઢ દુધ ઉત્પાદન સંઘ લી.ની વાર્ષિક સાધારણ સભાની સાથે પ્રાકૃતિક કૃષિ સંમેલન જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભા ગૃહમાં યોજાયું હતું. જેમાં સહકારી આગેવાનો-હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ -બહેનો સહભાગી થયા હતા.

આ પ્રસંગે શ્રી સી. આર. પાટીલે જણાવ્યું કે, ગુજરાતમાં સહકારી ક્ષેત્ર ઉત્તરોત્તર મજબૂત થઈ રહ્યું છે. રાજયમાં ૩૭૧ જેટલી મોટી સહકારી સંસ્થાઓમાં પક્ષના કાર્યકરો સુપેરે જવાબદારીનું વહન કરી રહ્યા છે. લોકોના આર્થિક ઉત્કર્ષ અને સમૃદ્ધિ તરફ લઈ જવાનું કામ પણ સહકારી ક્ષેત્ર દ્વારા થઈ રહ્યું છે. તેમણે જેડીસીસી બેંક તથા સાવજ ડેરીના સુચારું વહીવટ, નફામા નોંધપાત્ર વૃદ્ધિ અને સભાસદોનો વિશ્વાસ જીતવા માટે જેડીસીસી બેંકના ચેરમેન શ્રી કિરીટભાઈ પટેલ અને સાવજ ડેરીના ચેરમેન શ્રી દિનેશભાઈ ખટારીયાને અભિનંદન આવ્યા હતા. આ સાથે બેંક અને ડેરીના માધ્યમથી ખેડૂતો-પશુપાલકોનું આર્થિક ઉપાર્જન વધે છે અને જૂનાગઢ જિલ્લાને સમૃદ્ધિ તરફ આગળ લઈ જવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

સહકારી ક્ષેત્ર સુરક્ષિત હોવાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, બનાસકાંઠા-સાબરકાંઠા જિલ્લામાં ઉદ્યોગોનો અભાવ જોવા મળે છે ત્યાં સફેદ ક્રાંતિ એટલે કે પશુપાલન થકી સમૃદ્ધિના નવા દ્વાર ખુલ્યા છે. દુધ ઉત્પાદનમાં બહેનોની પણ ખૂબ મોટી ભાગીદારી રહી છે પ્રધાનમંત્રી શ્રી મોદીએ લીધેલા નિર્ણયોના પરિણામે બહેનોને આર્થિક મજબૂતી મળી છે. બહેનોના નામે મિલકત નોંધણીમાં ટેકસમાં રાહત આપી, જેથી મહિલાઓના નામે પ્રોપર્ટી રજીસ્ટર થઈ રહી છે. આમ, વિવિધ યોજનાઓના માધ્યમથી મહિલાઓની સાથે દરેક વર્ગનો ઉત્કર્ષ થઈ રહ્યો છે. કેન્દ્ર રાજય સરકારે ખેડૂતોને પણ ઘણી રાહતો આપી છે, ખાતરના ભાવ વધ્યા છે ત્યારે સબસીડી વધારીને ખેડૂતો પર વધારોનો બોજો પડવા દીધો નથી. ખેડૂતોની આવક બમણી કરવા અને આર્થિક અગવડો દૂર કરવા કોઈપણ વચેટીયા વગર ખેડૂતોના સીધા બેંક ખાતામાં વાર્ષિક રૂ. ૬૦૦૦ જમા કરવામાં આવી રહ્યા છે. ખેડૂતોને કોઈપણ પ્રકારના ધક્કા કે વિનવણી વગર સીધો તેમનો અધિકાર મળી રહ્યો છે. આ વ્યવસ્થાઓ પ્રધાનમંત્રી શ્રી મોદીના નેતૃત્વના કારણે શક્ય બની હોવાનું પણ ઉમેર્યું હતું. તેમણે રાજ્યપાલશ્રી અને રાજ્ય સરકારના પ્રયાસોથી પ્રાકૃતિક ખેતીને ખૂબ પ્રોત્સાહન મળી રહ્યું હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

જૂનાગઢ નાં સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમાએ જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્ય સરકારી બેંકો જ્યારે સંકટમાં હતી. ત્યારે માતબર સહાય આપી ખેડૂતોના કલ્યાણ માટે ઉગારી લીધી હતી. પ્રધાનમંત્રી શ્રી મોદીના પ્રાકૃતિક કૃષિને વેગ આપવાના સંકલ્પને સોરઠના ખેડૂતો સાકાર કરી રહ્યા છે. જિલ્લામાં ૧૨૦૦૦ જેટલા ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાઈ ચૂક્યા છે. તેમણે ખેડૂતોની આવક બમણી થાય અને પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે તે માટે જૂનાગઢ જિલ્લા પ્રાકૃતિક ખેતી પેદાશોની હરાજી શરૂ કરવામાં આવી છે. જેથી ખેડૂતોને પ્રાકૃતિક પેદાશોના ખૂબ સારા ભાવ મળી રહ્યા છે.

# ચણાનો લોટ ૬૬ રૂપિયાથી વધીને ૮૦ રૂપિયા કિલો થયો

## છેલ્લા ત્રણ જ દિવસમાં ૧૪ રૂપિયાનો વધારો થયો : કાબુલી ચણાના ભાવમાં ૩૦નો વધારો



અમદાવાદ,તા.૨૧

બજારમાં ભાવ વધારાની મોસમ ચાલી રહી છે ત્યારે ચણાના લોટના ભાવમાં પણ ભડકો થયો છે. ચણાનો લોટ ૬૬ રૂપિયા કિલોથી વધીને ૮૦ રૂપિયા કિલો થઈ ગયો છે. જ્યારે કાબુલી ચણાના ભાવમાં કિલોએ ૩૦નો વધારો થયો છે. ભાવ પ્રતિ કિલો ૧૫૦ થઈ ગયો છે હાલમાં વરસાદી માહોલમાં મોટાભાગના ચણાના લોટનો ઉપયોગ વધારે પ્રમાણમાં થતો હોય છે.

મોટાભાગના ફરસાણમાં પણ ચણાના લોટનો ઉપયોગ કરવામાં આવતો હોય છે ત્યારે ભાવ વધારા થવાના કારણે આવનારા સમયમાં ફરસાણમાં પણ હજુ પણ મોંઘવારી વધે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. ત્રણ દિવસ પહેલા ૬૬ રૂપિયા કિલો મળતો ચણાનો લોટ ૮૦ રૂપિયા પહોંચી ગયો છે. છેલ્લા ત્રણ જ દિવસમાં ૧૪ રૂપિયાનો વધારો થયો છે. કાબુલી ચણાના ભાવમાં ૩૦નો વધારો.

નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર છેલ્લા ૪૦ વર્ષના ઈતિહાસમાં ચણાના લોટના ભાવમાં આટલો ઉછાળો જોવા મળ્યો નથી.

ચણાના લોટની સાથે કાબુલી ચણાના ભાવમાં પણ રોકેટ ગતિએ ઉછાળો જોવા મળી રહ્યો છે. ૨૦ દિવસ પહેલા કાબુલી ચણા પ્રતિ કિલો ૧૨૦ રૂપિયામાં બજારમાં મળતો હતા, જે અત્યારે ૧૫૦ રૂપિયા કિલો મળી રહ્યો છે

# ૨૫ લાખની ખંડણી કેસમાં મહેસાણાના બેની ધરપકડ

## પોલીસની ખોટી ઓળખ આપી મહેસાણાના વ્યક્તિનું અપહરણ કરી પરિવાર પાસે ૨૫ લાખની ખંડણી માંગી હતી

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે ૨૫ લાખની ખંડણી અને અપહરણ કરવાના કેસમાં મહેસાણાના ૨ શખસની ધરપકડ કરી છે. બંને આરોપીઓએ પોલીસની ખોટી ઓળખ આપી મહેસાણાના વ્યક્તિનું અપહરણ કરી પરિવાર પાસે ૨૫ લાખ રૂપિયાની ખંડણી માંગી હતી. ત્યારબાદ આ મામલે વડનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. જોકે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે માત્ર ૨૬ દિવસમાં આ ગુનાનો ભેદ ઉકેલી બંને આરોપીને દબોચી લીધા છે.

ગત ૨૫ જુલાઈના રોજ જગદિશ કાન્તીજી ઠાકોર (રહે.સબલપુર, તા.વડનગર, જી.મહેસાણા) નું ૨ શખસો દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે. જગદિશભાઈને તેમના ગામની બહારથી જ બંને શખસોએ પોલીસની ખોટી ઓળખ આપી સ્કોર્પીયો ગાડી નં.જીજે૭ એઆર ૭૬૩૧માં ઉઠાવી જઈ અપહરણ કરી લીધું હતું. પરિવારજનોને આ મામલે તુરંત વડનગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાવ્યો હતો.

બંને આરોપીઓએ જગદિશભાઈનું અપહરણ કર્યા બાદ તેમના પરિવારને ફોન કર્યો હતો અને તેમને છોડાવવા બદલ ૨૫ લાખની ખંડણી માંગી હતી. જોતે પરિવારે ખંડણી ન આપતા આરોપીઓ જગદિશભાઈને બીજા દિવસે એટલે કે ૨૬મીએ પ્રાતિજ ખાતે ગાડીમાંથી ઉતારી ફરાર થઈ ગયા હતા.

ત્યારે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમે માત્ર ૨૬ દિવસમાં આ ગુનાનો ભેદ ઉકેલી આરોપી આનંદકુમાર ડાહ્યાભાઈ પટેલ (રહે.હિરપુરા, નવોવાસ, તા.વિજાપુર, જી.મહેસાણા) અને શૈલેશસિંહ રંગુસિંહ રાઠોડ (રાજપુત) (રહે.આનંદપુરા, વિજાપુર, જી.મહેસાણા)ની ધરપકડ કરી છે.

શૈલેશ રાઠોડ અને આનંદ પટેલ બંને આરોપીઓ રિઢા ગુનેગાર છે. શૈલેષ સામે ૩ ગુના નોંધાયા છે, તો આનંદ સામે ૨ ગુના નોંધાયા છે.

# રાજકોટનાં ગોંડલમાં હિટ એન્ડ રનમાં મહીલાનું મોત

## રીબડા ચોકડી પર બાપા સીતારામ લોજ પાસે ઘટનાં બની હતી જેમાં રસ્તા પર સુતેલી મહિલા પર કાર ચઢાવી ચાલક ફરાર

રાજકોટ,તા.૨૧

રાજકોટનાં ગોંડલમાં હિટ એન્ડ રનમાં મહીલાનું મોત નિપજ્યું હતું. રીબડા ચોકડી પર બાપા સીતારામ લોજ પાસે ઘટનાં બની હતી. જેમાં રસ્તા પર સુતેલી મહિલા પર કાર ચઢાવી ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતની સમગ્ર ઘટના ઝઝ્રક્ષ્ માં કેદ થઈ હતી. ત્યારે પોલીસ દ્વારા મૃતક મહિલાનાં પરિવારજનોની શોધખોળ હાથ ધરી છે. આરોપી કેવલ ગાણોલિયા તથ્ય પટેલની જેમ જ રફતારનો રાજા હોવાનો ખૂલાસો રાજકોટની વાત કરીએ તો કેવલ ગાણોલિયા નામના નબીરાએ પૂરપાટ ઝડપે કાર ચલાવી ૩ જેટલા બાઈક અને ૧ ફેરિયાને અડફેટે લીધા હતા. અકસ્માતમાં ફેરિયાને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આરોપી કેવલ ગાણોલિયા તથ્ય પટેલની જેમ જ રફતારનો રાજા હોવાનો ખૂલાસો થયો છે. આરોપીના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ઓવર સ્પીડ કાર ચલાવતો હોવાના વીડિયો પોસ્ટ કર્યા છે. માધાપર ચોકડી પાસે હિટ એન્ડ રનની ઘટના સામે આવી. રાજકોટમાં વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. જેમાં માધાપર ચોકડી પાસે હિટ એન્ડ રનની ઘટના બની હતી. સરકારી અધિકારીનાં કાર ચાલક દ્વારા અકસ્માત સર્જવામાં આવ્યો હતો. કાર ચાલક દ્વારા બેફીકરાઈથી એક્સેસ વ્હિકલ, આઈ ૨૦ કાર તેમજ સીટી બસને પણ નુકશાન પહોંચાડ્યું હતું.

# તથ્યના પિતા પ્રજ્ઞેશ પટેલની જામીન અરજી કોર્ટે ફગાવી

## પ્રજ્ઞેશ પટેલે કેન્સરના ઇલાજ માટે મુંબઈ જવાનું થતું હોવાથી જામીન અરજી કરી હતી : ગુજરાત કેન્સર વિભાગમાં ઇલાજ કરાવો : કોર્ટ

અમદાવાદ, તા.૨૧

ઈસ્કોન અકસ્માત કેસમાં આરોપી તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલે કેન્સરના ઈલાજ માટે મુંબઈ જવાનું થતું હોવાથી જામીન અરજી કરી હતી. ત્યારે આજે આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં કોર્ટે જામીન અરજી ફગાવી નાંખી છે. આ ઉપરાંત જેલ વિભાગને ગુજરાતના કેન્સર વિભાગમાં સારવાર કરાવવા માટે આદેશ આપ્યો છે. આ મામલે ૧૦ દિવસમાં રિપોર્ટ પણ રજૂ કરવા જણાવ્યું છે.

ઈસ્કોન બ્રિજ પર મધરાતે થયેલા અકસ્માતમાં તથ્ય પટેલને જેલભેગો કર્યો છે. ત્યારે તેના પિતાએ ત્યાં હાજર લોકોને ધમકાવ્યા હતા. જેને લઈને ગુનો નોંધી કાયદાદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

તથ્ય પટેલે ૧૯મી જુલાઈની રાત્રે સર્જેલા અકસ્માતમાં ૯ લોકોને જીવતા કચડી નાખ્યા હતા. આ ગોઝારી ઘટનાએ માત્ર અમદાવાદ નહીં પરંતુ આખા ગુજરાતને હચમચાવી નાંખ્યું હતું. મોડી રાત્રે બનેલી એક અકસ્તમાની ઘટનામાં લોકો ટોળો વળ્યા હતા અને પોલીસ તપાસ કરી રહી હતી, ત્યારે ૧૪૦ કરતા વધુ ઝડપે જેગુઆર ચલાવી લોકોના ટોળાને કચડી નાંખ્યું હતું. જો કે, આ ઘટના બાદ તથ્યની અમુક જ કલાકોમાં ધરપકડ કરી લેવામાં આવી હતી. તથ્ય પટેલે આચરેલા કૃત્ય સામે ૧૭૦૦ પાનાની ચાર્જશીટ તૈયાર કરવામાં આવી હતી. જેમાં તેનો ફ્દ્દછ રિપોર્ટ, ફ્લ્જીન્ રિપોર્ટ સહિતની બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

ફ્લ્જીન્ની તપાસમાં તથ્ય પટેલ અકસ્માત કેસ મામલે મોટો ખુલાસો થયો હતો. જેમાં જાણવા મળ્યુ હતું કે, તથ્યની ગાડી ૧૬૦ કિમી પ્રતિ કલાકની પૂરપાટ ઝડપે દોડી રહી હતી. ત્યારે પોલીસે પણ તથ્ય પટેલની કસ્ટડી મેળવવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

### ઉજવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારબાદ સેક્ટર-૨૮ની સમર્પણ મૂકબધિર શાળાનાં વિદ્યાર્થીઓને ભોજન ઉપરાંત ફળ અને ચોકલેટ વિતરણ કરાવાની સાથે અવિરત જન્મદિવસની ઉજવણીના છેલ્લા ચરણમાં ધારાસભ્યશ્રીએ સાંજે ૭.૩૦ વાગ્યે સેક્ટર -૧૯માં આવેલ સ્પેશિયલ ચિલ્ડ્રન હોમમાં વિશિષ્ટ બાળકો સાથે સમય વિતાવીને પોતાના જન્મદિવસની ઉજવણી સર્વથા સાર્થક કરી હતી. આ સર્વે સેવાકીય કાર્યોમાં ગાંધીનગર મહાનગરના મેયર હિતેશ મકવાણા, મહામંત્રી કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટરો અને કાર્યકર્તા ભાઈઓ તથા બહેનો ગાંધીનગર મહાનગરના અધ્યક્ષ ઋચિર ભટ્ટની રાહબરી તળે ઉમળકાભેર જોડાયાં હતાં.

### તોડી નંખાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેદાન તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. ક્રિકેટ સ્ટેડિયમને અનુલક્ષી અગાઉ પ્રથમ તબક્કાની યોજનાનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જેમાં ક્રિકેટની પીચ તૈયાર કરવામાં આવી હતી આ ઉપરાંત અન્ય પણ જરૂરી કામો હાથ ધરવામાં આવ્યા હતા. જયારે હવે બીજા તબક્કામાં નોર્થ અને સાઉથ બ્લોક તૈયાર કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. નોર્થ અને સાઉથ બ્લોક સહીતની કાર્યયોજનાને અનુલક્ષી અંદાજિત રૂ ૩૪ કરોડના ખર્ચને વહીવટી મંજુરી આપવામાં આવી છે. નવા સ્ટેડિયમની પીચ તૈયાર કરવા માટે પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરોનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો જયારે ક્રિકેટની પીચ સાથે પ્રેક્ષકદિર્ધા ગ્રીનરૂમ, એમ્પાયરરૂમ ટોઈલેટ બ્લોક ,પાર્કીંગ સહીતની પણ કામગીરી આયોજનમાં સમાવિષ્ટ છે. પ્રથમ તબકકામાં ક્રિકેટની પીચ , પ્રેક્ષક ગેલેરી સહીતનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જયારે બીજા તબક્કાની કામગીરીને અનુલક્ષી જરૂરી બે બ્લોક બાંધવામાં આવશે ખેલાડીઓ માટે ગ્રીનરૂમ અમ્પાયર રૂમ પાર્કીંગ સહીતની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. જેને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે. જો કે નોર્થ અને સાઉથ બ્લોક તૈયાર કરવા માટે આ વિસ્તારમાંથી જોખમી આવાસો પણ તોડવામાં આવશે. અગાઉ આ મામલે સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો જયારે નજીકમાં સ્થિત ઘ કક્ષાના આવાસોનો પણ નિકાલ કરવાનો અનિવાર્ય હોવાનુ સ્પષ્ટ થયુ છે. જો કે ઘ કક્ષાના આ બ્લોક લાંબા સમયથી જોખમી છે. જયારે ક્રિકેટ સ્ટેડિમયની યોજનામાં નડતરરૂપ થતા આ આ ખાલી અને જોખમી મકાનો તોડવામાં આવશે આ વિસ્તારમાં સ્થિત અંદાજિત ૧૬ જેટલા બ્લોક તોડી નાંખવામાં આવશે આવાસો તોડવા માટે મંજુરી પણ આપી દેવામાં આવી છે.

### વિરોધ ઉઠ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજયમાં અનેક ઠેકાણે મકાનો અને સોસાયટીઓ અસ્તિત્વમાં આવ્યા બાદ નાગરિકોના વસવાટના લાંબા સમયગાળા બાદ ટાઉન પ્લાનીંગ સ્કીમ તૈયાર કરવામાં આવે છે. જયારે ટી પી સ્કીમોની મંજુરીમાં પણ લાંબો સમય વિતી જાય છે. આવા સંજોગોમાં પાણી, ગટર, રસ્તા , સ્ટ્રીટ લાઈટની માળખાગત સુવિધાઓ ઉપરાંત બગીચા સહીતની કાર્યયોજના સંદર્ભે દુવિધાઓ અને પ્રશ્નો ઉભા થાય છે. ગાંધીનગર વિસ્તારમાં પણ છેલ્લા કેટલાક સમયથી આ પ્રકારની સમસ્યાઓ ડોકીયુ કરતી થઈ છે. નવા ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં ટાઉન પ્લાનીંગ સ્કીમ નં - ૬ ના વિસ્તારમાં ગુડાના ફાઈનલ પ્લોટ નં -૮૬ માં ગુડા દ્વારા હાલ બગીચો બનાવામાં આવી રહ્યો છે. જો કે આ કામગીરી દરમિયાન બાજુમાં તંત્ર અને નજીકમાં સ્થિત પ્રથમ બંગ્લોઝ અને રેસીડન્સીના રહીશો વચ્ચે સમસ્યા ઉભી થઈ છે. જેના લીધે આ વિસ્તારમાં હાલ બગીચાનુ કામ પણ અટકી ગયુ છે. બગીચાના નિર્માણ સામે જ વિરોધ ઉભો થયો છે. સોસાયટીના રહીશોના જણાવ્યા મુજબ ટી પી સ્કીમ અમલમાં આવી તે પહેલા જ અહીં સોસાયટી અસ્તિત્વમાં આવી છે. જયારે આ વેળાએ આ જગ્યા સોસાયટીના કોમન પ્લોટ તરીકે નિયત કરવામાં આવી હતી. જયારે હવે બગીચા નિર્માણની યોજના અન્વયે આ જગ્યાનો જાહેર ઉપયોગ થશે જેના પરિણામે અન્ય પ્રશ્નો ઉઠે તેવી પણ સંભાવના છે. અ તબક્કે ગુડના સુત્રોના જણાંવ્યા મુજબ ટાઉન પ્લાનીંગ સ્કીમ અસ્તિત્વમાં આવતા આ ખુલ્લી જગ્યા ગુડાને મળેલી કપાતની જમીનમાં જાહેર સુવિધાને અનુલક્ષીને બગીચાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે.

### રાખડીઓ બનાવાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે જેનાથી દેશભરની કરોડો મહિલાઓનો વિશ્વાસ વધુ દ્રઢ થયો છે. આજે અહીં ૧૦૦ જેટલી મહિલાઓએ ઉત્સાહપૂર્વક આપણા નરેન્દ્રભાઈ મોદી માટે જાતે રાખડી તૈયાર કરી છે. આ કાર્યક્રમમાં પ્રદેશ મંત્રી અને મહાનગરના પ્રભારી નૌકબેન પ્રજાપતિ, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ ડો. દીપિકા સરડવા, અગ્રણીશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, સંગઠનના પદાધિકારીઓ, શહેર મહિલા મોરચા પ્રમુખ પ્રિયા પટેલ તથા ટીમ તેમજ મહિલા કાર્યકર્તા બહેનો ઉપસ્થિત રહી હતી.

### રોનક નિખરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બગીચાઓની સુંદરતા નિખારવાનુ કામ ચાલી રહ્યુ છે. જેમાં સે-૩૦ , બોરીજ, સે-૨૧ પંચશીલ, સે-૨૩ વિરાટનગર, સે-૧ ગાયત્રી મંદિરની પાછળ સે-૨૫ , સે-૨૮ , સે-૨૬ ગ્રીનસીટીમાં બગીચાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. આ સેકટરોમાં ગત એપ્રિલ મહીનામાં બગીચાઓની રોનક નિખારવા માટે કામગીરી શરૂ કરવામાં આવી હતી જેમાં સહેલાણીઓ કે સેકટરવાસીઓ માટે વિવિધ સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. આ તમામ બગીચાઓમાં ગજીબો, જોગીંગ ટ્રેક, ચિલ્ડ્રન પ્લે એરિયા, જીમના સાધનો, વોક વે, હરિયાળી લોન, પ્લાન્ટેશન, મેઈનગેટ , પાણીની ટાંકી, બોર સહીતનુ કામ હાથ ધરવામોં આવ્યુ છે. જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૫ કરોડનો ખર્ચ નિયત કરવામાં આવ્યો છે. સેકટરોમાં બગીચાઓ નિખારવાની યોજનાનુ કામ આગામી જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં પુર્ણ કરી દેવાશે.

### વડાપ્રધાન તરીકે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પસંદગી ઉતારી હતી. એવામાં કેજરીવાલને પીએમ મોદીની તુલનાએ ઓછા લોકોએ પસંદ કર્યા. જોકે યુપીના સીએમ યોગી આદિત્યનાથને પીએમ તરીકેના દાવેદાર માત્ર ૩% લોકો જ માને છે.

સી-વૉટરના સરવેમાં સૌથી વધુ લોકોએ પીએમ મોદીને પસંદ કર્યા હતા. તેમના પછી રાહુલ ગાંધીનો નંબર આવે છે. કુલ ૨૦% લોકોએ પીએમ પદના દાવેદાર ગણાવ્યા હતા. રાહુલ બાદ કેજરીવાલનો વારો આવે છે.

સી-વૉટરે છત્તીસગઢ વિધાનસભા ચૂંટણી અંગે એક સરવે કર્યો છે. સરવે અનુસાર આગામી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની સરકાર બની શકે છે. રાજ્યની કુલ ૯૦ સીટોમાંથી કોંગ્રેસના ખાતામાં ૪૮-૫૪ બેઠકો જઈ શકે છે. છત્તીસગઢમાં બહુમતી માટે ૪૬ સીટો જરૂરી છે. એવામાં સરવેમાં કોંગ્રેસ બહુમતીના આંકડાને ક્રોસ કરતી દેખાય છે.

### ભાગ લેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

નેતાઓની સામેલ થવાની સંભાવના છે. ૨૦૧૯ બાદ પીએમ મોદીનું આ પ્રથમ વ્યક્તિગત બ્રિક્સ સમ્મેલન હશે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પણ આ સમ્મેલનમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાશે.

મોદી મંગળવારે બિઝનેસ ફોરમને સંબોધિત કરશે જ્યાં તેમના પર આવા સમયમાં બ્રિક્સના મહત્વને રેખાંકિત કરવાની અપેક્ષા છે જ્યારે વિશ્વ હજુ પણ કોરોના મહામારી, યુક્રેન યુદ્ધના પરિણામો સાથે ઝઝૂમી રહ્યું છે. પીએમમોદી પોતાના સંબોધનમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન સહિત તેમની સરકારની કેટલીક સિદ્ધિઓને પણ ગણાવી શકે છે.

શિખર સંમેલનના પ્રથમ દિવસે નેતાઓની મુલાકાત વચ્ચે પીએમ મોદી પ્રથમ વખત ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે રૂબરૂ થશે. જો કે સત્તાવાર રીતે બંને નેતાઓની મુલાકાત હજુ સુધી સામે નથી આવી. બંને પક્ષોએ બેઠકનો પણ ઈનકાર નથી કર્યો કારણ કે, બંને નેતાઓ જોહાનિસબર્ગમાં લગભગ ૪૮ કલાક એક સાથે રહેશે.

એવી પણ શક્યતા છે કે, પીએમ મોદી રશિયા-યુક્રેન યુદ્ધને તાત્કાલિક સમાપ્ત કરવા અને આ યુદ્ધને વાતચીત અને કૂટનીતિ દ્વારા ઉકેલવા માટે પણ ભાર મૂકી શકે છે. બીજી તરફ પીએમ શી જિનપિંગની હાજરીમાં આતંકવાદનો મુદ્દો ઉઠાવવા પર પણ વિચાર કરી શકે છે.

### ઉંચી ટનલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન દ્વારા ઉદ્દ્ઘાટન કરવામાં આવશે. તે વિશ્વની સૌથી ઊંચી અને સૌથી લાંબી ટુ-લેન ટનલ હશે.

લદ્દાખ ક્ષેત્રમાં ભૌતિક જોડાણ વધારવા માટે ભારતીય સૈન્યની માર્ગ નિર્માણ એજન્સી દ્વારા બીજી એક વિક્રમજનક પ્રવૃત્તિમાં, મનાલીથી ઝંસ્કરથી લેહને જોડતી શિંકુ લા ટનલનું કામ ટૂંક સમયમાં શરૂ થશે. ચીનમાં આવેલી સૈન્ટ ટનલનો રેકોર્ડ તોડીને તે વિશ્વની સૌથી ઉંચી ટનલ હશે.

એર કનેક્ટિવિટીના સંદર્ભમાં, BRO ચીફ રાજીવ ચૌધરીએ કહ્યું કે પૂર્વી લદ્દાખમાં માત્ર ૩૦ કિલોમીટર દૂર સ્થિત ન્યોમા એરફિલ્ડ ૨૦૨૪ સુધીમાં તૈયાર થઈ જશે. તેમાં ફાઈટર એરક્રાફ્ટ ચલાવવાની ક્ષમતા હશે. તેમણે કહ્યું કે ન્યોમા એરફિલ્ડ પૂર્ણ થવા પર વિશ્વના સૌથી ઊંચા એરફિલ્ડમાંનું એક હશે. અમે તેને આવતા વર્ષે ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરી શકીશું.